વિષય :– બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમો રદબાતલ/ નિકાલ કરવા તથા અન્ય કૃષિ પ્રોડકટ ની હરાજી કરવા અંગે.

**–:: પરિપત્ર નં.૪૩ /૨૦૧૯ ::–**

આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને જણાવવાનુંકે, અત્રેની કચેરીના વિષય સંબંધિત પરિપત્રનં. ૨૬ ( જા.નં.સદાંકૃયુ/હિનિ/ઓડિટ/૮૨૦૧–૩૦,તા.૧૧/૧૨/૨૦૧૭) વહીવટી સરળતા અને હરાજી સબબની પ્રક્રિયા ઝડપથી હાથ ધરી શકાય તે હેતુસર રદ કરવામાં આવે છે, અને કચેરી હસ્તકની બિન ઉપયોગી ડેડસ્ટોક રદબાતલપાત્ર આઈટમો /કૃષિ પ્રોડકટની હરાજી વહીવટી રીતે ઝડપી અને સરળતાથી સુચારૂ ઢબે હાથ ધરી શકાય તે હેતુસર નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવા જણાવવામાં આવે છે.

૧. ડેડસ્ટોક આઈટમો બિન ઉપયોગી પાત્રતા ધરાવે છે. તે અંગે , સુનિશ્ચિત કરવાનું રહે.

૨. તાંત્રિક ડેડસ્ટોક આઈટમો બિન વપરાશ યુકત છે તે મતલબનું સંબંધિતેથી તાંત્રિક પ્રમાણપત્ર/અભિપ્રાય મેળવવાનો રહે.

૩. બિન ઉપયોગી અને રદબાતલપાત્ર ડેડસ્ટોક આઈટમોની કચેરી કક્ષાએથી માર્કટ સર્વે કરી આઈટમ વાઈઝ રદબાતલ કરેલ આઈટમોની બજાર કિંમત (Scrap Value) નિયત કરી વિગતવાર પત્રક (આ.નં,આઈટમની વિગત,ખરીદ તારીખ,ખરીદ કિંમત,ડેડસ્ટોક રજી પાના નંબર, બુક વેલ્યુ, રદબાતલ કરેલ આઈટમોની કિંમત વગેરે) તૈયાર કરવાનું રહે.

૪. રદબાતલ કરેલ આઈટમોની કિંમત નિયત કરવા પ્રવર્તમાન બજારભાવો (Scrap Value) ધ્યાને લેવાના રહેશે. વિગતવાર તૈયાર કરેલ પત્રકની કુલ રદબાતલ થવા પાત્ર આઈટમોની કિંમત રૂા. ૨૫,૦૦૦/– કે તેથી વધુ કિંમત હોય તેવા સંજોગોમાં નીચે મુજબની કમિટી મારફતે ભૌતિક ચકાસણી/બુક વેલ્યુ/ ભંગારની બજાર કિંમત **(દા.ત. એક ભંગાર હાલતમાં લોખંડનું કબાટ જેની બુક વેલ્યુ અંદાજીત રૂા. ૨૦૦ થાય પરંતુ તે બજારમાં વેચવા જતા તેની કિંમત અંદાજીત રૂા. ૧૦૦૦/– થી રૂા. ૧૫૦૦/– ઉપજે છે. )** મુજબની ખરાઈ કરાવવાની રહેશે.

૧.સંશોધન નિયામશ્રી અથવા સંશોધન નિયામકશ્રીના પ્રતિનિધિ.
૨.હિસાબ નિયામકશ્રી અથવા હિસાબ નિયામકશ્રીના પ્રતિનિધિ.
૩. સંબંધિત કચેરીના વડાશ્રી અથવા પ્રતિનિધિ.
૪. કેન્દ્ર સિવાયના અન્ય કેન્દ્રના તાંત્રિક અધિકારીશ્રી.
૫. સ્થાનિક કચેરીના એક તાંત્રિક અધિકારી/કર્મચારી.
૬. ડેડસ્ટોક સંભાળતા કર્મચારી.

:: પાછળ ::